# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત,
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:-suratdeo@gmail.com

જા.નં/ગ્રાન્ટેડ/સેટઅપ/મા--૩/૨૦૨૬/૧૨૫૧૦ તા. ૧૧ -૦૯-૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા (તમામ),
સુરત.જિ.સુરત.

**વિષય** :- રાજ્યની બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ અપ) નક્કી કરવા બાબત.

**સંદર્ભ** :- સંયુક્ત શિક્ષણ નિયામક, (૧૦+૨ ખાસ ઘટક), કમિ.શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક : ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૬/૨૫૬૧-૯૪, તા.૦૯-૦૯-૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭ માટે સુરત જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) નક્કી કરવાની કામગીરી આ વર્ષે S.A.S પોર્ટલનાં બદલે C.T.S પોર્ટલ પર કરવાની રહે છે. જેથી શાળાઓએ C.T.S પોર્ટલ પર "બિન-શૈક્ષણીક કર્મચારી (કલાર્ક) સંખ્યાબળ (સેટ-અપ)" મોડયુલમાં જઈ, CTS DATA તથા શિક્ષણ વિભાગનાં તા-૧૯/૦૧/૨૦૨૧નાં ઠરાવ મુજબ તા-૩૧/૦૮/૨૦૨૬ની સ્થિતિએ વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે સ્ક્રીન પર દર્શાવવામાં આવતા મળવાપાત્ર મહેકમની ચકાસણી કરવાની રહેશે તેમજ મળવાપાત્ર મહેકમ, હાલનાં કર્મચારીઓની વિગતો તથા વધ/ઘટની સંપૂર્ણ વિગતો દર્શાવવાની રહેશે.

ઉક્ત ઓનલાઇન ભરેલ બિન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળની માહિતી હાર્ડકોપીમાં એક નકલમાં તૈયાર કરી **તા-૧૪/૦૯/૨૦૨૬ (સોમવાર)નાં રોજ રૂબરૂ મા-૩ શાખામાં** જમા કરાવવાની રહેશે. તેમજ ઓનલાઇન C.T.Sમાં ભરેલ માહિતી અને રજૂ કરેલ દરખાસ્તમાં વિસંગતતા ન આવે તેની ખાસ તકેદારી રાખવા પણ જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ:-** કોઈ પણ શાળાની સેટ-અપ અંગેની દરખાસ્ત રજૂ કરવાની બાકી ન રહે તેની ખાસ તકેદારી રાખવા શાળાનાં આચાર્યશ્રીને જણાવવામાં આવે છે. જો શાળાની સેટ-અપ અંગેની માહિતી ઓનલાઇન ભરી તેની હાર્ડકોપી અત્રેની કચેરીને રજૂ કરવામાં નહિ આવે તો સંબંધિત શાળામાં બિન-શૈક્ષણિક કર્મચારીઓની મહેકમ બાબતે ભવિષ્યમાં પ્રશ્ન ઉપસ્થિત થશે. તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી શાળાનાં આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

**બીડાણ:-** સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત.જિ.સુરત

ક્રમાંક: ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૬/ ૨૬૬૧-૭૫
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર, ગુજરાત રાજ્ય.
તારીખ:૦૧/૦૯/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય: રાજ્યની બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) નક્કી કરવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૯/ઓડી-૮(પા.ફા.૧)/ગ, તા. ૧૯/૦૧/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત ઠરાવ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે રાજ્યની બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન-શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) નક્કી કરવાની કામગીરી આ વર્ષે S.A.S. પોર્ટલના બદલે C.T.S. પોર્ટલ પર કરવાની રહે છે.

સંદર્ભદર્શિત ઠરાવની તમામ શરતો અને જોગવાઈઓને આધીન રહીને, રાજ્યની તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓએ તા:૩૧/૦૮/૨૦૨૬ ની સ્થિતિએ નોંધાયેલ વિદ્યાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨)ને આધારે વર્ષ ૨૦૨૬-૨૭નું બિન-શૈક્ષણિક કર્મચારીઓ (ક્લાર્ક)નું શાળાવાર સંખ્યાબળ (સેટ-અપ) C.T.S. પોર્ટલ મારફત નિયત કરવાનું રહેશે. આ અંગે સંબંધિતોએ નીચે મુજબની વિગતો ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે:

**૧. શાળા કક્ષાએથી ચકાસણી:**

શાળાઓએ C.T.S. પોર્ટલ પર 'બિન-શૈક્ષણિક કર્મચારી (ક્લાર્ક) સંખ્યાબળ (સેટ-અપ)' મોડ્યુલમાં જઈ, CTS Data તથા શિક્ષણ વિભાગના તા:૧૯/૦૧/૨૦૨૧ના ઠરાવ મુજબ તા:૩૧/૦૮ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યાને આધારે સ્ક્રીન પર દર્શાવવામાં આવતા મળવાપાત્ર મહેકમની ચકાસણી કરવાની રહેશે. જેમાં મળવાપાત્ર મહેકમ, હાલના કર્મચારીઓની વિગતો તથા વધ/ઘટની સંપૂર્ણ વિગતો દર્શાવવાની રહેશે.



Scanned with OKEN Scanner

૨. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કક્ષાએથી ચકાસણી:

શાળા કક્ષાએથી વિગતોની ચકાસણી પૂર્ણ થયા બાદ, સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ સદર વિગતોની ચકાસણી કરી તેને **'VERIFIED'** કરવાની રહેશે. જો વિગતોમાં કોઈ વિસંગતતા જણાય તો તેને **'REJECT'** કરવાની રહેશે, જેથી તે શાળા કક્ષાએ પુન: સુધારા અર્થે દર્શાવવામાં આવશે.

સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધોરણ ૯ થી ૧૨)ની ચકાસણી પૂર્ણ કરી વિગતો 'VERIFIED' કર્યા બાદ જ તે કમિશનર શાળાઓની કચેરી કક્ષાએ જોઈ શકાશે.

૩. જવાબદારી અને તકેદારી:

બિન-શૈક્ષણિક (ક્લાર્ક)નું સંખ્યાબળ CTS Dataના આધારે જ નક્કી કરવાનું હોવાથી તેની ચકાસણીની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળા તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેશે. આપના કાર્યક્ષેત્ર હસ્તકની કોઈ પણ શાળાની સેટ-અપ દરખાસ્ત રજૂ કરવાની રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવી. તેમ છતાં જો કોઈ શાળાની દરખાસ્ત બાકી રહી જશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેશે.

૪. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અંગે ખાસ સૂચના:

જે શાળાઓ માત્ર ઉચ્ચતર માધ્યમિક વિભાગ જ ધરાવતી હોય, તેમાં બિન-શૈક્ષણિક (ક્લાર્ક)ના મહેકમની જોગવાઈ ન હોવાથી આવી શાળાઓની દરખાસ્ત રજૂ ન થાય તેની ખાસ તકેદારી રાખવી.

૫. **UDISE+** પોર્ટલ સાથે વિગતોની એકરૂપતા :

હાલમાં UDISE+ ના Teacher / Staff મોડ્યુલમાં પણ શાળાના બિન-શૈક્ષણિક કર્મચારીઓની માહિતી ભરવી ફરજિયાત કરવામાં આવેલ છે. આથી, C.T.S. મુજબના તમામ બિન-શૈક્ષણિક કર્મચારીઓની અપડેટ કરેલી માહિતી UDISE+ પોર્ટલ પર પણ દર્શાવવાની રહે છે, જેથી ભવિષ્યમાં UDISE+ પોર્ટલ પર આ વિગતોનો ઉપયોગ કરવાનો થાય ત્યારે CTS ડેટા અને UDISE+ ડેટા વચ્ચે કોઈ વિસંગતતા (Mismatch) ઊભી ન થાય.

૬. સમયમર્યાદા:

આ તમામ કાર્યવાહી શાળા તથા જિલ્લા કક્ષાએથી તા:૧૬/૦૯/૨૦૨૬ સુધીમાં અચૂક પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ પોર્ટલ પર સંબંધિત પેજ 'Frozen' (બંધ) કરી દેવામાં આવશે.



Scanned with OKEN Scanner

C.T.S. પોર્ટલ પર કરવાની થતી કાર્યવાહી માટેના માર્ગદર્શક સોપાનો (Guideline Steps) આ સાથે બિડાણ તરીકે સામેલ છે, જેનો સંપૂર્ણ અભ્યાસ કરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

માન. કમિશનરશ્રી, શાળાઓની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે...

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ. રા ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ



Scanned with OKEN Scanner

# Non Teaching Staff Setup (class 9–12)


## User Manual

Scanned with OKEN Scanner


શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતાં બિનશૈક્ષણિક કર્મચારીઓની માહિતી અપડેટ કરવા માટે Child Tracking System માં **Non Teaching Staff Setup (class 9–12)** પોર્ટલ શરુ કરવામાં આવેલ છે. જેમાં શાળા કક્ષાએથી બિનશૈક્ષણિક કર્મચારીઓની માહિતી ચકાસી અને જો કોઈ વિસંગતતા/ફેરફારની આવશ્યકતા જણાય તો Teacherlist માંથી અપડેટ કરી શકશો.


શાળા કક્ષાએથી અપડેટ કરેલ માહિતીને જિલ્લા કક્ષાએથી verify કરવામાં આવશે, Child Tracking System માં બિનશૈક્ષણિક કર્મચારીઓની માહિતી અપડેટ કરવા અને જિલ્લા કક્ષાએ માહિતી verify કરવા અંગેના માર્ગદર્શક સોપાનો અહી દર્શાવેલ છે જે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સુધી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરશો.

Scanned with OKEN Scanner




Scanned with OKEN Scanner


GOVT. OF GUJARAT
Child Tracking System
Every Child Counts.
Every Future Secured.
Gujarat's unified school education platform for tracking, monitoring and empowering every learner.
54K
SCHOOLS
1.15
STUDENTS
33
DISTRICTS
254
BLOCKS
AY 2026-27
CHILD
Welcome Back
SCHOOL CODE / USERNAME *
24990100103
PASSWORD *
CAPTCHA *
8TPTR
ENTER CODE
LOG IN
Forgot password?
GO
Child Tracking System (CTS) ના શાળાના
USERNAME અને PASSWORD થી અહી login કરશો.




Non Teaching Staff Setup (class 9 – 12) પર ક્લિક કરશો.

Scanned with OKEN Scanner

**Child Tracking System**
Gujarat Council of Elementary Education
Samagra Shiksha Abhiyan - Govt. of Gujarat

MAIN NAVIGATION
- Home

STUDENT
- Manage Students
- Back To School Phase2
- GSRSE Voucher
- Student Tracking Report
- Student Transfer Request List
- Attendance Report
- Student Identity (SID) Number Entry
- PM-FCT Birth Data
- Early Warning System
- Add Local Holiday

TEACHER
- Teacher/Staff List
- Standard-Section Mapping
- Non Teaching Staff Setup (Class 9-12)
- Teacher Setup (Class 9-12)
- School Patrak

SCHOOL MANAGEMENT COMMITTEE
- SMC Committee
- SMC Meeting

PROGRAMS
- Health Program
- GSOS
- OOSC 2026-27

TOOLS & REPORTS
- Utility
- Logout

Welcome - 24120701904-SHREE N.P. RAM VIDYAMANDIR-H SCHL    AY 2026-27    CHILD

# બિન શૈક્ષણિક કર્મચારી સંખ્યાબળ (સેટ-અપ)

Non-Teaching Staff Sanctioned Strength - Std 9-12    AY : 2026-27

## વર્તમાન સંખ્યાબળ  Current AY Sanction

| STD 9-12 ENROLMENT | JR. CLERK | SR. CLERK | HEAD CLERK | O.S. | TOTAL SANCTIONED |
|---|---|---|---|---|---|
| ધો. ૯-૧૨ કુલ નામાંકન | કનિષ્ઠ કારકુન (જુનિયર કારકુન) | સિનિયર કારકુન (સિનિયર કારકુન) | મુખ્ય કારકુન (મુખ્ય કારકુન) | કચેરી અધિક્ષક (ઓ. એસ.) | કુલ મંજૂર જગ્યાઓ |
| 313 | 1 | 1 | 0 | 0 | 2 |
| 9: 92 · 10: 97 · 11: 58 · 12: 65 | | | | | Slab: ૩૦૧ થી ૬૦૦ |

## કાર્યરત V/S જરૂરી  Working v/s Required

| હોદ્દો / DESIGNATION | જરૂરી Required | કાર્યરત Working | વધ Surplus | ઘટ Deficit | સ્થિતિ Status |
|---|---|---|---|---|---|
| કનિષ્ઠ કારકુન (જુનિયર કારકુન) Junior Clerk | 1 | 0 | 0 | 1 | ઘટ (Deficit) |
| સિનિયર કારકુન (સિનિયર કારકુન) Senior Clerk | 1 | 0 | 0 | 1 | ઘટ (Deficit) |
| મુખ્ય કારકુન (મુખ્ય કારકુન) Head Clerk | 0 | 0 | 0 | 0 | બરાબર (Balanced) |
| કચેરી અધિક્ષક (ઓ. એસ.) O.S. | 0 | 0 | 0 | 0 | બરાબર (Balanced) |
| કુલ / Total | 2 | 0 | 0 | 2 | – |

## સંખ્યાબળ સ્લેબ  Sanction Slab Reference (GR)

| વિદ્યાર્થી સંખ્યા | કનિષ્ઠ કારકુન (જુનિયર કારકુન) | સિનિયર કારકુન (સિનિયર કારકુન) | મુખ્ય કારકુન (મુખ્ય કારકુન) | કચેરી અધિક્ષક (ઓ. એસ.) | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૩૦૦ | 1 | 0 | 0 | 0 | 1 |
| ૩૦૧ થી ૬૦૦ | 1 | 1 | 0 | 0 | 2 |
| ૬૦૧ થી ૧૦૦૦ | 1 | 1 | 1 | 0 | 3 |
| ૧૦૦૧ થી ૧૫૦૦ | 2 | 1 | 1 | 0 | 4 |
| ૧૫૦૧ થી ૨૦૦૦ | 2 | 1 | 1 | 1 | 5 |
| ૨૦૦૦ થી ઉપર | 2 | 1 | 1 | 1 | 5 |


નોંધ: ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧-૧૨) ની શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારી મહત્તમ નહીં. GR અમલી તારીખ : ०१-०६-२०२१

આ AY માટે સેટ-અપ સાચવીને લોક કરવામાં આવ્યો છે.
AY 2026-27 · Setup saved and locked. કોઈ ફેરફાર માટે DEO/કમિશનર કચેરીનો સંપર્ક કરો.


Designed & Developed by SSA MIS Department · All rights reserved



Scanned with OKEN Scanner





અહી દર્શાવેલ બિન શૈક્ષણિક કર્મચારીની વિગતમાં કોઈ વિસંગતતા કે ફેરફારની આવશ્યકતા જણાય તો શાળાના લોગિન માંથી **Teacher List** ઓપન કરી તેમાં લાગુ પડતી વિગતોમાં સુધારો કે ફેરફાર કરી વિગતો save કરશો. જે ફેરફારના આધારે અપડેટ વિગતો જોવા મળશે.




Non Teaching Staff Setup (class 9 – 12) માં મંજુર મહેકમ અને કામ કરતાં કર્મચારી અને વધ-ઘટ ની નીચે નામાંકનની સામે મળવાપત્ર બિન શૈક્ષણિક કર્મચારીની વિગતો દર્શાવતું કોષ્ટક જોવા મળશે. જેની નીચે **Save Set up** પર ક્લિક કરી આ માહિતી **SAVE** કરી શકશો.

Scanned with OKEN Scanner




**Save Set up** ની માહિતી **SAVE** કરશો એટલે ઉપર મુજબનો મેસેજ જોવાં મળશે, **save** કરેલી માહિતીમાં કોઈ ફેરફાર ના હોય તો **ok** બટન પર ક્લિક કરી માહિતી **save** કરશો.

Scanned with OKEN Scanner

**સંખ્યાબળ સ્લેબ** Sanction Slab Reference (GR)

| વિદ્યાર્થી સંખ્યા | જુનિયર ક્લાર્ક | સિનિયર ક્લાર્ક | મુખ્ય ક્લાર્ક | ઓ. એસ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૩૦૦ | 1 | 0 | 0 | 0 | 1 |
| ૩૦૧ થી ૬૦૦ | 1 | 1 | 0 | 0 | 2 |
| ૬૦૧ થી ૧૦૦૦ | 1 | 1 | 1 | 0 | 3 |
| ૧૦૦૧ થી ૧૪૦૦ | 2 | 1 | 1 | 0 | 4 |
| ૧૪૦૧ થી ૨૦૦૦ | 2 | 1 | 1 | 1 | 5 |
| ૨૦૦૦ થી ઉપર | 2 | 1 | 1 | 1 | 5 |

નોંધ: ઉચ્ચતર માધ્યમિક (ફક્ત ધોરણ ૧૧-૧૨) ની શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારી મળવાપાત્ર નથી · GR અનવી તારીખ : ૦૧-૦૬-૨૦૨૧


આ AY માટે સેટ-અપ સાચવીને લોક કરવામાં આવ્યો છે.
AY 2026-27 · Setup saved and locked. કોઈ ફેરફાર માટે DEO/કમિશનર કચેરીનો સંપર્ક કરો

માહિતી save કરતાં ઉપર મુજબનો મેસેજ જોવા મળશે. જેમાં દર્શાવ્યા મુજબ માહિતી save કર્યા બાદ જિલ્લા કચેરી/ કમિશનરશ્રી શાળાઓની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

Scanned with OKEN Scanner

# District Login

Scanned with OKEN Scanner




જિલ્લા કક્ષાનું લોગિન કરી Non Teaching Staff Setup (class – 12) પર ક્લિક કરશો.

# Non-Teaching Setup · District Review

જિલ્લા-કક્ષાએ Non-Teaching Setup ચકાસણી (Std 9-12)

District : BANASKANTHA · Total blocks : 10

| TOTAL SCHOOLS | FROZEN | UNFROZEN | VERIFIED | PENDING / REJECTED |
|---|---|---|---|---|
| 138 | 1 | 137 | 0 | 1 |

**Post-wise Non-Teaching Staff Position** *Sanctioned vs Working, with Vadh (excess) & Ghat (shortage) per post*

| POST | SANCTIONED | WORKING | VADH (EXCESS) | GHAT (SHORTAGE) |
|---|---|---|---|---|
| Junior Clerk | 1 | 1 | 0 | 0 |
| Senior Clerk | 1 | 0 | 0 | 1 |
| Mukhya Clerk | 1 | 1 | 0 | 0 |
| Other Support (OS) | 0 | 0 | 0 | 0 |
| Total | 3 | 2 | 0 | 1 |

BLOCK: All blocks

STATUS: All

SCHOOL CATEGORY: All (3,5,6,7,8,10)

Apply | Clear | Excel (school-wise)


Showing 138 school(s)

**Schools in scope** - Cat 3/5/6/7/8/10 · Mgt 4 · Std 9-12

| SR | SCHOOL | BLOCK | CAT | ENROL 9-12 | SANC. | WORKING | FREEZE | DISTRICT STATUS | ACTION |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ADIVASI VIDHYALAY- IQBALGADH<br>UDISE 24020103107 | AMIRGADH | 10 | 0 | 0 | 0 | UNFROZEN | NOT SUBMITTED | Waiting for school freeze |
| 2 | LOK NIKETAN VINAYMANDIR- VIRAMPUR<br>UDISE 24020107305 | AMIRGADH | 10 | 0 | 0 | 0 | UNFROZEN | NOT SUBMITTED | Waiting for school freeze |

**Non Teaching Staff Setup (class૨ 12)** પર ક્લિક કરતાં જિલ્લાની કુલ શાળાની સંખ્યા તે પૈકી ચકાસણી કરેલ શાળાઓની વિગતો જેમાં **FROZEN, UNFROZEN, VERIFIED** અને **PENDING/REJECTED** ની સંખ્યા જોવાં મળશે. નીચે તાલુકા, ચકાસણી અને શાળાની કક્ષા માટે ફિલ્ટર આપેલ છે. નીચે શાળાની યાદી જોવા મળશે.

Scanned with OKEN Scanner




Non Teaching Staff Setup (class – 12) પર ક્લિક કરતાં જિલ્લાની કુલ શાળાની સંખ્યા તે પૈકી ચકાસણી કરેલ શાળાઓની વિગતો જેમાં **FROZE, UNFROZEN, VERIFIED** અને **PENDING/REJECTED** ની સંખ્યા જોવાં મળશે. નીચે તાલુકા, ચકાસણી અને શાળાની કક્ષા માટે ફિલ્ટર આપેલ છે. નીચે શાળાની યાદી જોવા મળશે.

## Non-Teaching Setup - District Review

જિલ્લા-કક્ષાએ Non-Teaching Setup ચકાસણી (Std 9-12)

District : BANASKANTHA · Total blocks : 10

| TOTAL SCHOOLS | FROZEN | UNFROZEN | VERIFIED | PENDING / REJECTED |
|---|---|---|---|---|
| 1 | 1 | 0 | 0 | 1 |

**Post-wise Non-Teaching Staff Position** *Sanctioned vs Working, with Vadh (excess) & Ghat (shortage) per post*

| POST | SANCTIONED | WORKING | VADH (EXCESS) | GHAT (SHORTAGE) |
|---|---|---|---|---|
| Junior Clerk | 1 | 1 | 0 | 0 |
| Senior Clerk | 1 | 0 | 0 | 1 |
| Mukhya Clerk | 1 | 1 | 0 | 0 |
| Other Support (OS) | 0 | 0 | 0 | 0 |
| Total | 3 | 2 | 0 | 1 |

BLOCK: All blocks

STATUS: Frozen (any dist. status)

SCHOOL CATEGORY: All (3,5,6,7,8,10)

Apply | Clear | Excel (school-wise)


Showing 1 school(s)

**Schools in scope** · Cat 3/5/6/7/8/10 · Mgt 4 · Std 9-12

| SR | SCHOOL | BLOCK | CAT | ENROL 9-12 | SANC. | WORKING | FREEZE | DISTRICT STATUS | ACTION |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | MATUSHRI KUNVARBAI MA MAHILA KANYA SCH<br>UDISE 24020916920 | PALANPUR | 10 | 693 | 3 | 2 | FROZEN | PENDING | ✓ Verify ✕ Reject |


તાલુકા, ચકાસણી અને શાળાની કક્ષા માંથી જે ફિલ્ટર એપ્લાય કરેલ હશે તે મુજબની વિગતો જોવા મળશે. જિલ્લા કક્ષાએથી શાળાઓની બિન શૈક્ષણિક કર્મચારીની માહિતીની ચકાસણી કરવા માટે ફિલ્ટરની સુવિધા આપવામાં આવેલ છે.

Scanned with OKEN Scanner





જિલ્લા કક્ષાએથી વેરીફીકેશન દરમ્યાન કોઈ શાળાની વિગતમાં વિસંગતતા / ક્ષતિ જણાય તો તેને **REJECT** કરવાની રહેશે, જયારે શાળાની માહિતી **REJECT** કરવામાં આવે ત્યારે જેનું કારણ જણાવવાનું રહેશે.

Scanned with OKEN Scanner




જિલ્લા કક્ષાએથી વેરીફીકેશન દરમ્યાન કોઈ શાળાની વિગતમાં વિસંગતતા / ક્ષતિ જણાય તો તેને **REJECT** કરવાની રહેશે, જ્યારે શાળાની માહિતી કોઈ ફેરફાર ન જણાય અને યોગ્ય હોય તો **VERIFY** કરવાનું રહેશે.

Scanned with OKEN Scanner




ઉપર જણાવ્યા પ્રમાણે શાળાઓની બિન શૈક્ષણિક કર્મચારી અંગેની વિગતોની ચકાસી જેને VERIFY કરવામાં આવેલ હશે તે માટે આવો મેસેજ આવશે અને તે શાળાના જિલ્લાના સ્ટેટ્સ માં VERIFIED થઇ જશે.

આ પ્રમાણે શાળાઓની બિન શૈક્ષણિક કર્મચારી અંગેની વિગતોની ચકાસી જેને VERIFY / REJECT કરવામાં આવશે. જિલ્લા કક્ષાએથી વેરીફીકેશન કરેલ શાળાઓની વિગત નીચે શાળાની યાદી સામે જોવા મળશે, REJECT કરેલ શાળાઓની વિગતો શાળા કક્ષાએથી ફેરફાર અથવા સુધારો કરશે જેને ફરીથી VERIFY કરવાનું રહેશે.

Scanned with OKEN Scanner

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૯/OD-૮(પા.ફા.૧)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૧/૨૦૨૧.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૯/ઓડી-૦૮/ગ.

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૨૬/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ઉમબ/ઉમા.૮-૯/વહી.કર્મ/ ૨૦૧૭/૬૧૨૬.

**આમુખ:-**

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)સામેના તા.૦૧/૦૮/૨૦૧૧ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૨૬/૦૯/૨૦૧૭ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વહીવટી કામગીરી ધ્યાને લઈ, બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળ (સેટ-અપ)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૦૧/૦૮/૨૦૧૧ના ઠરાવથી નિયત કરેલ સંખ્યાબળ (સેટ-અપ) આથી રદ કરી, શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા આધારિત નીચે મુજબનું સંખ્યાબળ (સેટ-અપ) નીચે મુજબની શરતોને આધીન નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થી સંખ્યા | જુનિયર કારકુન | સિનિયર કારકુન | મુખ્ય કારકુન | ઓ.એસ | કૂલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૩૦૦ | ૧ | - | - | - | ૧ |
| ૨ | ૩૦૧ થી ૬૦૦ | ૧ | ૧ | - | - | ૨ |
| ૩ | ૬૦૧ થી ૧૦૦૦ | ૧ | ૧ | ૧ | - | ૩ |
| ૪ | ૧૦૦૧ થી ૧૪૦૦ | ૨ | ૧ | ૧ | - | ૪ |
| ૫ | ૧૪૦૧ થી ૨૦૦૦ | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૬ | ૨૦૦૦ થી ઉપર | ૨ | ૧ | ૧ | ૧ | ૫ |

શરતો:-

(૧) નવા માપદંડ અને સંખ્યાબળ(સેટ-અપ) મુજબ મંજૂર થતી નવી જગ્યાઓ જે તે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કૂલ વિદ્યાર્થીઓની સંખ્યા પર આધારિત છે અને વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે બદલાતી રહે છે તેથી નવા માપદંડ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા આધારિત બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ જુન-૨૦૨૧ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા આખરી થયેથી કમિશ્નરશ્રી શાળાઓની કક્ષાએથી નવા માપદંડ મુજબ દરેક શાળાએ બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) મંજૂર કરાવી લેવાનું રહેશે.

(૨) ઉક્ત સંખ્યાબળ (સેટ-અપ) મંજૂર થતા ઘટાડો થયેલ જુનિયર કારકુન અને સિનિયર કારકુનની જગ્યાઓ રદ કરવાની રહેશે તેમજ રદ કરેલ જગ્યાઓ નજીકના ભવિષ્યમાં ઉભી કરવાની રહેશે નહીં તેમજ આ જગ્યાઓ રદ કરવાના વિધિવત હૂકમો કરવાના રહેશે.

(૩) આ ઠરાવથી નિયત કરેલ સેટ-અપના કારણે ઉભી થતી નવી મુખ્ય કારકુન અને ઓફીસ સુપ્રિટેન્ડન્ટની જગ્યાઓમાં થયેલ વધારાની જગ્યાઓ માટે નવી બાબત તરીકે રજૂ કરી અલગથી બજેટ જોગવાઇ કરવાની રહેશે.

(૪) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ (સેટ-અપ) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી કક્ષાએથી મંજૂર કરાવ્યા તારીખથી શાળામાં નવા સંખ્યાબળ (સેટ-અપ) મુજબ જગ્યા ઘટવાના કારણે આવી જગ્યા પર ફરજ બજાવતા કર્મચારીની નિવૃત્તિ, રાજીનામુ કે અન્ય કારણસર જગ્યા ખાલી પડે તે તારીખ સુધી નવી મળવાપાત્ર જગ્યા ભરી શકાશે નહિ તેમજ શાળામાં વિદ્યાર્થી સંખ્યા મુજબ નિયત થયેલ કૂલ સંખ્યાબળ (સેટ-અપ) કરતાં વધારે બિન શૈક્ષણિક કર્મચારીઓ રાખી શકાશે નહિ, ફરજ બજાવી શકાશે નહિ અને તેની ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહિ.

(૫) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ ઠરાવથી નિયત થયેલ સંખ્યાબળ(સેટ-અપ) મુજબ કાયદેસરની નિમણૂંક પામેલ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક ગ્રાન્ટના હેતુસર માન્ય ગણવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા વિભાગ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા અને મા.શિ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહિવટી કર્મચારી સંઘ મહામંડળ, શ્રી જે.બી.શાહ ઈગ્લીશ મીડીયમ સ્કુલ, મુ.પો.તા.મોડાસા, જિ.અરવલ્લી.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.